સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે પુર્વ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વ નિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ સમિતિઓ ની રચના કરવા અંગેની નવી બાબતની વહીવટી મંજુરી બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્ર-મશબ-૧૧૧૬-૧૨૧૯-છ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૧/૦૫/૨૦૧૭

વંચાણે લીધા-

કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના તા.૧૦/૦૩/૨૦૧૭ના પત્ર ક્ર--માધ્યમિક/મા.૨/નવી બાબત/૨૦૧૬-૧૭ ૧૩૮૫૩-૫૪ થી રજુ કરેલ દરખાસ્ત

ઠરાવ:-

ઉપરોક્ત વંચાણે લીધા પત્રમાં દર્શાવેલ કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના પત્રથી સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે પુર્વ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વ નિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ સમિતિ અંગેની નવી બાબતની વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોને આધીન રહીને સને ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષમાં રૂ.૧૫૦-૦૦ લાખ(અંકે રૂ.એકસો પચાસ લાખ પુરા)ની ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે-

શરતો-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજ પત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૬. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

શ્રી પંચાલ
8
4/5

૮. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. પ્રવર્તમાન યોજનાનોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૧. વિભાગે ડ્રાઇવર અને વર્ગ – ૪ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

૧૨. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૧૩. રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૪. તા.૧/૪/૨૦૧૭થી અમલ કરવાનો રહેશે.

૧૫. નિયમિત જગ્યાઓ ઉભી કરવાની રહેશે નહી.

૧૬. નિવૃત્ત જજશ્રી(નામ નિયુક્ત)માટે એક સીટીગ દીઠ રૂ.૫૦૦૦(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પણ દર મહિને મહત્તમ રૂ.૧,૦૦,૦૦૦(અંકે રૂપિયા એક લાખ પુરા) તથા સભ્યશ્રી માટે એક સીટીગ દીઠ રૂ.૪૦૦૦(અંકે રૂપિયા ચાર હજાર પુરા)પણ દર મહીને મહત્તમ રૂપિયા પંચોત્તેર હજાર પુરા) મંજુર કરવાના રહેશે.

૧૭. ફી રીવીઝન કમિટીના અધ્યક્ષશ્રી એવા નિવૃત્ત હાઇકોર્ટ જજ માટેની શરતો અને બોલીઓ કાયદા વિભાગના પરામર્શમાં રહી હવે પછી નક્કી કરવામાં આવશે.

આ અંગેનો ખર્ચ "માગણી ક્ર-૦૯-મુખ્ય સદર-૨૨૦૨-૦૨-૧૧૦-૦૧ ઇડીએન-૧૮ બિન સરકારી માધ્યમિક શાળાઓનો નિયમિત વિકાસ હેઠળ થયેલ સને ૨૦૧૭-૧૮ની નવી બાબત હેઠળની જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) નાણા વિભાગની તા.૨૬/૪/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,,

(એસ.બી.કરોડે)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓ, ગુ.રા.ગાંધીનગર

(૨) સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

(૪) નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

(૫) સેકશન અધિકારીશ્રી, વ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી,આઇ.ટી. સેલ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (આ ઠરાવ ની નકલ વિભાગ ની વેબસાઇટ ઉપર યોગ્ય સ્થળે અપલોડ કરવાની વિનંતી સાથે)

(૭) નિયામકશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગ,ગાંધીનગર .

(૮) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગર

(૯) ના.સે.અધિ.સિલેક્ટ ફાઇલ (૧૦) સિલેકટ ફાઇલ